અપીલ અરજી નં.૧૮૦ તા.૨૦–૯–૦૮

અરજદારઃ શ્રી મદીના એન્ટર પ્રાઈઝ
સામાવાળાઃ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી

**હુકમઃ–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મદીના એન્ટર પ્રાઈઝ ની તા.૧૧–૧–૦૭ , ૧૨–૧૦–૦૭ ,૧૭–૧૦–૦૭ તથા ૧૭–૧૦–૦૭ ની અરજીથી ડો. બાબાસાહેબ ફલાય ઓવર બ્રીજ રીંગરોડ ઝોન નં.૨ ના ઈજારા અંગેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૮૦/૨૦૦૮–૦૯

શ્રી મદીના એન્ટર પ્રાઈઝ ની તા. ૧૨–૧૦–૦૭,૧૭–૧૦–૦૭ , તથા ૧૭–૧૦–૦૭ ની અરજીથી ડો. બાબાસાહેબ ફલાય ઓવર બ્રીજ રીંગરોડ ઝોન નં.૨ ના ઈજારા અંગેનીમાહિતી આપવા બાબતે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આપેલ માહિતી સંતોષકારક ન હોવાનું અને બરોબર ન હોવાનું જણાવી તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૯૮ તા.૨૫–૯–૦૮ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને તેઓ તરફથી નં.ટીપીડી/આ.નં.૫૨૮૪ તા.૨૪–૧૦–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. પરંતુ અરજદાર તરફથી કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી. અરજદારને લગભગ ૧૦ માસના વિલંબથી કરેલ અપીલ બાબતે વાજબીપણું રજૂ કરવા જણાવવામાં આવેલ. આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ પ્રથમ અપીલની સમય અવધિ દિન–૩૦ની છે. તે સામે અઘટિત વિલંબથી અરજદારે અપીલ કરેલ છે. તે અંગે અરજદારે કોઈ જ વાજબીપણું રજૂ કરેલ નથી. કે પ્રત્યુત્તર પાઠવેલ નથી.

જયારે જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૨૪–૧૦–૦૮ના રોજ અત્રે મોકલેલ વિગત અનુસાર તેમણે અરજદારની આઈ ડી. નં.૫૫૪ તા.૧૭–૧૦–૦૭ ની અરજી અંગે તેમના તા.૨૯–૧૦–૦૭ ના પત્રથી નિયત સમય અવધિમાં દસ્તાવેજ ફી ભરી માહિતી મેળવી લેવા જણાવેલ જે અરજદારે તા.૩૦–૭–૦૮ ના રોજ ફી ભરતાં તા.૪–૮–૦૮ના રોજ જાહેર માહિતી અધિકારીએ માહિતી પૂરી પાડયાનું જણાય છે. તેવી જ રીતે આઈ ડી નં.૫૪૦ તા.૧૨–૧૦–૦૭ ની અરજી અંગે નિયત સમય અવધિમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૨૯–૧૦–૦૭ ના પત્રથી અરજદારને નિયત દસ્તાવેજ ફી રૂ.૧૦૯૬/– ભરી માહિતી મેળવી લેવા જણાવેલ. જે અરજદારે તા.૩૦–૭–૦૮ ના રોજ ભરપાઈ કરતાં તા.૪–૮–૦૮ ના જાહેર માહિતી અધિકારીના પત્રથી માહિતી અપાયેલ જણાય છે.

તે જ રીતે આઈ ડી નં.૫૫૨ તા.૧૭–૧૦–૦૭ ની અરજી અંગે જાહેર મીહતી અધિકારી ધ્વારા સમય અવધિમાં તેમના તા.૩–૧૧–૦૭ ના પત્રથી નિયત દસ્તાવેજ ફી રૂ.૯૮૪/– ભરી માહિતી મેળવી લેવા જણાવેલ. જે અરજદારે તા.૩૦–૭–૦૮ ના રોજ ભરપાઈ કરતાં તા.૪–૮–૦૮ ના રોજ જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી અપાયેલ જણાય છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારે લગભગ ૧૦ માસના વિલંબથી અપીલ કરવા બાબતે માંગવા છતાં કોઈ વાજબીપણું રજૂ કરેલ નથી તેમ છતાં અપીલ અંગે કાર્યવાહી કરતાં સ્પષ્ટ થયેલ હકીકત અનુસાર દસ્તાવેજી ફી વિલંબથી ભરેલ સ્પષ્ટ થાય છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએ નિયત સમય અવધિ જાળવી પૂરી માહિતી આપ્યાનું સ્પષ્ટ થતું હોય અપીલ દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી .......... જાણ તથા અમલ માટે.
(૨) મે.મદીના એન્ટર પ્રાઈઝ,